આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૩ | ૨ જાન્યુઆરી, ૨૦૧૩, બુધવાર; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીની આરંભાયેલી તૈયારીઓ

### દસ ગ્રામ પંચાયત, એક નગરપાલિકા તથા પેથાપુર પાલિકાની એક બેઠકની ચૂંટણી પણ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકા પંચાયત તેમજ ૧૦ ગ્રામ પંચાયત ૧ નગરપાલિકા અને એક બેઠકની પેથાપુર નગરપાલિકાની પેટા ચૂંટણી અંગે જિલ્લા તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં જે ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે તેમાં માણસા તાલુકાની સાત ગ્રામ પંચાયતો, દહેગામ તાલુકાની બે ગ્રામ પંચાયતો અને કલોલ તાલુકાની એક ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

જે ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે તેમાં પાટણપુરા, હિંમતપુરા, ઈશ્વરપુરા, બદપુરા, કુવાદરા, લાકરોડા, વિજયનગર, બારડોલી કોઠી, કૃષ્ણસાગર કોઠી તેમજ સઈજ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ ચૂંટણીઓની સાથે માણસા નગરપાલિકાના નવ વોર્ડની પણ સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવનાર છે જયારે પેથાપુર નગરપાલિકાની વોર્ડ નં. ૭ના સદસ્યાએ આપેલ રાજીનામાને કારણે પેટા ચૂંટણી યોજાઈ રહી છે.

જિલ્લા તંત્ર દ્વારા તાલુકા પંચાયતની ચૂંટણી માટેની તૈયારીઓ પણ આરંભી દીધી છે. ૩૧ બેઠકો ધરાવતી તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ફેબ્રુઆરીમાં યોજાનાર છે. આ માટે ચૂંટણી અધિકારીઓની નિમણુંક, મતદાન મથકો અને મતદાર યાદી તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

### રાજય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગે તૈયારીઓ આરંભે છે

ગાંધીનગર, તા.૧

આગામી ફેબ્રુઆરી માસમાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગે રાજય ચૂંટણી પંચે તેની કવાયત તેજ કરી દીધી છે. પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ઉત્તરાયણ પછી આ ચૂંટણીઓ અંગેનું જાહેરનામું ગમે તે ઘડીએ જાહેર કરી દેવામાં આવશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજય ચૂંટણી પંચ આ ચૂંટણીઓ બે તબક્કામાં યોજવાની દિશામાં આગળ વધી રહેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવામાં આવશે. રાજયમાં ૧૪૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવામાં આવનાર છે.

બીજા તબક્કામાં નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ ઉપરાંત કેટલીક નગરપાલિકાની પેટા ચૂંટણીઓ ઉપરાંત ૧૩ તાલુકા પંચાયત અને ૨ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવશે.

રાજય ચૂંટણી પંચે આજે ગાંધીનગર ખાતે સંબંધિત જિલ્લાના અધિકારીઓ સાથે ચાલી રહેલી તૈયારીઓ અંગેની સમીક્ષા બેઠક પણ યોજી છે. જેમાં પંચ દ્વારા આ ચૂંટણીઓ અંગેના જરુરી નિર્દેશો આપી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

રાજય ચૂંટણી પંચે મતદાર યાદીઓ તૈયાર કરી દીધી છે તેમજ મતદાન મથકો અંગેનું જાહેરનામું પણ જારી કરી દેવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળેલ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર શહેરમાં સતત બીજીવાર યોજાઈ રહેલ ગ્લોબલ વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ વાયબ્રન્ટ સમીટની સાથે સાથે ગ્લોબલ ટ્રેડ ફેર પણ પ્રથમવાર યોજાઈ રહ્યો હોવાથી તૈયારીની કામગીરી લગભગ બેવડાઈ જવા પામી છે. ૧૧ થી ૧૩ દરમિયાન આ વાયબ્રન્ટ સમીટ મહાત્મા મંદિર ખાતે યોજાશે જ્યારે ૮મી જાન્યુઆરીએ હેલીપેડ ખાતે ગ્લોબલ ટ્રેડ ફેર ખુલ્લો મુકવામાં આવનાર છે. જે પાંચ દિવસ ચાલશે. આ તૈયારીઓને લઈ તંત્રની વ્યસ્તતામાં પણ વધારો થયો છે. વાયબ્રન્ટ સમીટની ચાલી રહેલી તૈયારીઓમાં ઘ-૪થી મહાત્મા મંદિર સુધીના સ્વર્ણિમ પાર્કને સજાવવામાં તંત્ર વ્યસ્ત થઈ ગયું છે અને તડામાર તૈયારીઓ ચાલી રહી છે... (તસવીર : દિપક જાની)

## આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક


ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આજે કોર્પોરેશનના સભાખંડમાં સવારે ૧૧ વાગે સમિતિના ચેરમેન શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળશે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં અગાઉ આચારસંહિતાને પગલે મુલત્વી રખાયેલ ટેન્ડર મંજૂર કરવાની બાબતો હાથ પર લેવામાં આવશે. આજે મળનારી આ બેઠકમાં શહેરની આંતરિક સફાઈની કામગીરી અંગે સભ્યો તરફથી મળેલ રજુઆતોને આધારે સમીક્ષા કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડમ્પીંગના પ્રોજેકટ અમલીકરણમાં થયેલ કાર્યવાહી અંગે પણ આ બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા કરવા ઉપરાંત ઝડપથી આ પ્રોજેકટ કાર્યાન્વિત થાય તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

સ્થાયી સમિતિની બેઠક વિધાનસભાની ચૂંટણી પછી પહેલીવાર મળી રહી હોવાથી રાજકીય રીતે તેનું મહત્વ વિશેષ હોવાનું રાજકીય વર્તુળો માની રહ્યા છે.




નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશેષપ્રકારના પતંગો પણ તૈયાર કરવામાં આવ્યા હતા.

## ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિએ અંદાજપત્રને બહાલી આપી

### આગામી નાણાંકીય વર્ષ માટે ૧૦૨.૧૦ લાખની પુરાંતવાળી જોગવાઈઓને બહાલ કરી જિલ્લા પંચાયતને અવલોકન માટે મોકલાવાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિએ આજે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રની રૂ. ૧૦૨.૧૦ લાખની પુરાંત દર્શાવતી જોગવાઈઓને બહાલી આપી અને જિલ્લા પંચાયતના અવલોકન માટે મોકલી આપવાનો નિર્ણય કર્યો છે.

કારોબારી સમિતિના ચેરમેનશ્રી કરશનજી જાદવના અધ્યક્ષપદે મળેલી આજની આ બેઠકમાં ૨૦૧૩-૧૪ના વર્ષમાં સભ્યોને સ્વભંડોળમાંથી વિકાસના કામો માટે રૂ. ૧૦૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આજની કારોબારી સમિતિએ આઉટ સોર્સીંગથી રાખવામાં આવેલા કર્મચારીઓના પગારમાં રૂ. ૫૦૦ સુધીની મર્યાદામાં વધારો કરવાનો પણ મહત્વનો નિર્ણય કર્યો છે.

આજે મળેલ કારોબારી સમિતિની બેઠકમાં સરકાર તરફથી મલતા અનુદાનો વધુ મળે તે માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા માટે અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

૨૦૧૧-૧૨ના વર્ષમાં તાલુકા પંચાયતના અંદાજપત્રમાં રૂ. ૩૮ હજારની ખાદ્ય રહેવા પામી હતી. આ પછી ૨૦૧૨-૧૩ના વર્ષ દરમિયાન આવક વૃદ્ધિ પર તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. જેમાં વેરા વસુલાત તથા સરકારી અનુદાન મેળવવામાં તંત્રને સફળતા મળી હતી.

આ સફળતાને કારણે ચાલુ વર્ષે આવક ર-. ૭૭૨૮.૬૦ જેટલી થવાના અંદાજો આજે કારોબારી સમિતિ સમક્ષ રજૂ કરાયા હતા અને ખર્ચ અંદાજે રૂ. ૭૫૯૬.૬૦ લાખ થશે તેમ અંદાજવામાં આવ્યું છે. જેને પગલે ખાદ્ય ધરાવતી તાલુકા પંચાયત રૂ. ૧૩૨ લાખ જેટલી પુરાંત ધરાવતી બનશે.

૨૦૧૩-૧૪માં આવક રૂ. ૭૪૩૨.૧૦ લાખ અંદાજવામાં આવી છે. જેની સામે ખર્ચ ૭૩૩૦.૦૦ લાખ અંદાજવમાં આવ્યો છે. નવા નાણાંકીય વર્ષમાં સભ્યોને સ્વભંડોળમાંથી વિકાસના કામો સૂચવવા માટેની મર્યાદામાં

● અનુસંધાન પાન-૭ પર

ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.
સેક્ટર-૨૧, ગાંધીનગર

૧૪મા વર્ષમાં મંગલ પ્રવેશ

આજરોજ બેંક ૧૩ વર્ષ પુરા કરી ૧૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. સ્થાપના કાળથી આજ સુધી સભાસદો, થાપણદારો, ખાતેદારો તથા શુભેચ્છકો તરફથી સ્નેહભર્યો સહકાર મળેલ છે. બેંક સર્વેનો આભાર વ્યક્ત કરે છે. આગામી સમયમાં પણ આવો જ સહકાર મળી રહે તેવી અપેક્ષા સહ વર્ષ ૨૦૧૩ આપ સૌને ફળદાયી નિવડે તેવી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા સ્ટાફ તરફથી શુભકામના....

શ્રી ચંદુભાઈ એચ. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર
શ્રી ડાહ્યાભાઈ ટી. પટેલ, ચેરમેન
શ્રી ગોવિંદભાઈ એમ. પટેલ, મેનેજર
શ્રી બિપીનભાઈ વી. પટેલ, વાઈસ ચેરમેન

ડિરેક્ટર્સ
શ્રી કાલીદાસ વી. પટેલ
શ્રી નટુભાઈ આર. પટેલ
શ્રી પરસોત્તમભાઈ એમ. પટેલ
શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ
શ્રી ગિરીશચંદ્ર ટી. ઝાટકિયા
શ્રી પ્રહલાદભાઈ એસ. પટેલ
શ્રી અશોકભાઈ સી. પટેલ
શ્રી પ્રકાશભાઈ આર. પટેલ
શ્રી ગોરધનભાઈ જે. રાઘવાણી




## એસટી દ્વારા વર્ધીની બસ સેવાના ભાડામાં ધરખમ વધારો ઝિંકાયો

### વર્ધી બસના ભાડામાં ૨૦ ટકાનો વધારો થતા મુસાફરી મોંઘી બનશે

અમદાવાદ, તા.૧

ગુજરાત સરકાર હસ્તકના રાજ્યમાર્ગ પરિવહન વિભાગ દ્વારા પહેલી જાન્યુઆરીથી વર્ધીની બસ સેવાઓના ભાડામાં ૨૦ ટકાનો વધારો ઝીંકી દીધો છે. જેના કારણે એસટીની લગ્ન પ્રસંગે, યાત્રા પ્રવાસે, સામાજિક પ્રસંગો કે ધાર્મિક મેળાવડા દરમિયાન પૂરી પાડવામાં આવતી બસ સેવા મોંઘી બની છે. જેના કારણે મુસાફરો ઉપર અસહ્ય બોજ પડ્યો હોવાના આક્ષેપ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આ ભાવ વધારાને વખોડી કાઢવામાં આવ્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિ, દોસીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના રાજ્ય માર્ગ પરિવહન વિભાગ દ્વારા સોમવાર મધરાતે ૧૨ કલાકથી તેના દ્વારા મુસાફર જનતાને લગ્ન પ્રસંગ, યાત્રા પ્રવાસ, સામાજિક પ્રસંગો કે ધાર્મિક મેળાવડા જેવી પ્રવૃત્તિઓ માટે પુરી પાડવામાં આવતી વર્ધીની બસ સેવાઓના ભાડાના દરોમાં ૧૮થી ૨૦ ટકા જેટલો ધરકમ વધારો ઝિંકી દેવામાં આવ્યો છે. આ વધારાના પગલે હવે સામાન્ય કે મધ્યમ વર્ગના નાગરિકો માટે એસટીની વિવિધ બસો ભાડા કે વર્ધી પર લેવી મોંઘી બનશે. ચૂંટણીના પરિણામો તરપેણમાં આવતા ભાજપે પોતાની જૂની ટેવ મુજબ વિવિધ સેવામાં ભાવ વધારો ઝિંકવાનું શરૂ કરી દીધું છે. વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગ પરિવહન વિભાગ દ્વારા મીનીબસ સિવાય પૂરી પાડવામાં આવતી વોલ્વો સુધીની વર્ધી માટે ભાડા વધારો સોમવાર મધરાતથી અમલમાં મુકી દેવામાં આવ્યો છે. ખાસ જારી કરવામાં આવેલી

**લાગુ કરાયેલ નવા દરો**

| વાહન | કિમી.દીઠ(દર) | લઘુતમ દર |
|---|---|---|
| મીની બસ | ૧૯ | ૩૫૦૦ |
| સાદી બસ | ૨૬ | ૩૫૦૦ |
| સેમી લકઝરી | ૩૭ | ૪૫૦૦ |
| લકઝરી | ૪૩ | ૧૦૫૦૦ |
| સ્લીપર કોચ | ૪૭ | ૧૨૫૦૦ |
| એસી કોચ | ૫૪ | ૧૪૦૦૦ |
| વોલ્વો | ૭૧ | ૭૧૮૫૦૦ |

● અનુસંધાન પાન-૭ પર